તા. ૨૯.૦૪.૨૦૨૫, પાના નં. ૦૧
દિવ્ય ભાસ્કર (ગાંધીનગર આવૃત્તિ),

# સચિવાલયના કર્મીઓને અપડાઉનના 2 વિકલ્પ : મેટ્રો રેલ અને પોઈન્ટ બસ

હિતેષ જયસ્વાલ | ગાંધીનગર | સચિવાલયથી મેટ્રો રેલ શરૂ થતાં જ અપડાઉન કરતા કર્મચારીઓ માટે બે ઓપ્શન મળતા રાહત થઈ છે. સરકારી કર્મચારીઓને અપડાઉન માટે મેટ્રો રેલ અને પોઈન્ટની બસ એમ બે ઓપ્શનના કારણે આર્થિક માર બસ કે મેટ્રોને સહન કરવો પડે તેવી શક્યતા રહેલી છે. અપડાઉન માટે મેટ્રો રેલનો ઉપયોગ વધવાથી પોઈન્ટની બસોના રૂટ ઘટવાથી અન્ય રૂટ ઉપર બસો દોડાવવાથી મુસાફરોને સાંજે બસો નહી મળતી ફરીયાદો ઉપર પૂર્ણ વિરામ આવશે. પોઈન્ટની બસોમાં ચંડોળા અને ગાંધીનગર ડેપોની કુલ-61 બસો દોડતા તેમાં 2562 કર્મચારીઓ તેનો લાભ લઈ રહ્યા છે. મેટ્રો શરૂ થતાં નાગરિકો તેનો મોટી સંખ્યામાં લાભ લેશે.

## પોઈન્ટની બસોની સંખ્યા ઘટતા અન્ય રૂટ પર દોડાવવાથી રાહત

કેન્દ્ર અને રાજ્ય સરકારે સચિવાલય સહિતની સરકારી કર્મચારીઓના માટે મેટ્રો રેલ સેવાને સચિવાલયથી શરૂ કરી દેવામાં આવી છે. ત્યારે સચિવાલય તેમજ સેક્ટર-10 અને 11માં આવેલી અન્ય સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અને અપડાઉન કરતા કર્મચારીઓ માટે એસ ટી નિગમ દ્વારા સવાર અને સાંજ ગાંધીનગર અને ચંડોળા ડેપોની થઈને કુલ-61 બસોને પોઈન્ટના રૂટમાં ઉપયોગ કરાય છે. જોકે પોઈન્ટની બસોમાં હાલમાં 2562 કર્મચારીઓ અપડાઉન કરી રહ્યા છે. જોકે મેટ્રોમાં અપડાઉન કરતા કર્મચારીઓમાં પોતાના રહેણાંકની નજીક મેટ્રો સ્ટેશન હશે તેવા કર્મચારીઓ કરશે. જ્યારે જે વિસ્તારમાં મેટ્રો રેલ નહી જતી તેવા વિસ્તારના કર્મચારીઓ પોઈન્ટની બસનો ઉપયોગ કરશે. મેટ્રો રેલમાં અપડાઉન કરતા કર્મચારી એક કલાકમાં પોતાના ઘરે પહોંચી જશે. જ્યારે પોઈન્ટની બસમાં અપડાઉન કરતા કર્મચારીઓને પોતાના ઘરે પહોંચતા બે કલાક જેટલો સમય લાગે છે. કેમ કે અમદાવાદમાં ટ્રાફિકની સાથે સાથે ટ્રાફિક સિગ્નલના કારણે સમય વધારે થાય તેમ અપડાઉન કરતા કર્મચારીઓએ જણાવ્યું છે. સચિવાલયથી દર અડધા કલાકે મેટ્રો રેલની સુવિધા શરૂ કરવામાં આવી છે. આથી એક મેટ્રો રેલમાં 800 મુસાફરો બેસી શકે છે.

મેટ્રો રેલમાં ટ્રાફિક સમસ્યા નહી નડવાથી કર્મચારીઓને ઘરે જવામાં ઝડપી અને સરળ બની રહેશે. જોકે મેટ્રો રેલમાં બેસવાની સીટીંગની 150 જગ્યાઓ છે. આથી દિવસ દરમિયાન મેટ્રોમાં 3000 જેટલા મુસાફરો મુસાફરી કરી રહ્યા છે.



### 50 ટકા કર્મી પોતાના વ્હિકલમાં આવે છે

સચિવાલય સહિતની સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓમાંથી 50 ટકા કર્મચારીઓ ગાંધીનગરમાં રહેતા હોવાથી પોતાના વ્હિકલમાં ઓફિસમાં આવતા હોય છે. જ્યારે બાકીના કર્મચારીઓ અમદાવાદ સહિતના વિસ્તારોમાં રહેતા હોય છે. તેમાંય અમદાવાદથી મોટાભાગના કર્મચારીઓ વ્હિકલ શેર કરીને આવતા હોય છે. આથી સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અંદાજે 50 ટકા કર્મચારીઓ પોતાનું વાહન લઈને ઓફિસમાં આવતા હોવાથી અપડાઉન કરતા કર્મચારીઓ મેટ્રો રેલ અને પોઈન્ટની બસ એમ બે ભાગમાં વહેંચાઈ જશે તેમ અપડાઉન કરતા કર્મચારીઓએ જણાવ્યું છે.

### મેટ્રોના પાસ કઢાવવા જીએડીએ બૂથ ઊભાં કરાયાં

સચિવાલયના ગેટ નંબર-3 ખાતેના મેટ્રો રેલનો પ્રારંભ થયો છે. ત્યારે છ-રોડ ઉપરના સચિવાલયના ગેટ નંબર-3 ખાતે જીએડીની સુચનાથી આર એન્ડ બી વિભાગ દ્વારા તાત્કાલિક બુથ ઉભું કરવામાં આવ્યું છે. વધુમાં ડીએસટીએ અરજદારના ફોટા સાથેના એન્ટ્રી પાસ કાઢી શકાય તે માટે તાત્કાલિક જીસ્વાન નેટની કનેક્ટીવીટીની સુવિધા ઉભી કરાઈ છે. ઉપરાંત ગૃહ વિભાગ દ્વારા પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

### સે-19,20,9,21ના રહીશોને મેટ્રોનો લાભ મળશે

સચિવાલયના ગેટ નંબર-3 ખાતેથી મેટ્રો રેલ સેવા શરૂ કરાતા આસપાસના સેક્ટરવાસીઓને હવે અમદાવાદ જવા ડેપો સુધી જવાની ઝંઝટમાંથી છુટકારો મળ્યો છે. તેમાં સેક્ટર-9, સેક્ટર-19, સેક્ટર-20, સેક્ટર-21ના રહિશો માટે ડેપો કરતા મેટ્રો સ્ટેશન નજીક થઈ જવાથી અમદાવાદની કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અપડાઉન સરળ બની રહેશે.

### મેટ્રો સચિવાલય સુધી પહોંચતા એસટી ડેપોની આવક ઘટવાની શક્યતા

ગાંધીનગરથી અમદાવાદ એસ ટી બસમાં જવામાં ટ્રાફિકના કારણે દોઢથી બે કલાક જેટલો સમય લાગે છે. જ્યારે નગરવાસીઓને હવે અમદાવાદ જવા માટે મેટ્રો રેલની સુવિધા શરૂ થતાં તેની સીધી અસર એસ ટી ડેપોની આવક ઉપર પડશે. જોકે સચિવાલય સહિતની સરકારી કચેરીઓના કર્મચારીઓ તેમજ સચિવાલયે આવતા મુલાકાતીઓ પણ મેટ્રો રેલનો ઉપયોગ કરવાથી એસ ટી ડેપોની આવક ઉપર અસર પડવાની શક્યતા રહેશે.